# ડાળખીથી સાવ છૂટાં



અશોક ચાવડા 'બેદિલ'

# ડાળખીથી સાવ છૂટાં

(પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ)

**અશોક ચાવડા 'બેદિલ'**

ડાળખીથી સાવ છૂટાં થૈ ગયેલાં પર્ણમાં;
કેટલા નીચા તમે મૂક્યા અમોને વર્ણમાં.
કૂખ કુંતીની જ કારણ દેહનું તોયે છતાં,
પાર્થમાં ગણના તમારી ને અમારી કર્ણમાં.

**રન્નાદે પ્રકાશન**

Dalkhi thi Saav Chhutan
Commited Poetry by Ashok Chavda 'Bedil'
www.ashokchavda.com
RANNADE PRAKASHAN-2012
ISBN : 978-93-82456-08-7
© મૈત્રી-હર્ષિલ

**સંસ્થાપક :** મનહર મોદી

**પ્રેરક :** જયેશ મોદી

**પ્રથમ આવૃત્તિ :** ૬, ડિસેમ્બર ૨૦૧૨ (**ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણદિન, ૧૯૫૬**)

**આવરણ અને કવિ-તસવીર :** સંજય વૈદ્ય

**મુખપૃષ્ઠ સજાવટ :** નિર્મળ સરતેજા

**પુસ્તક સજાવટ :** મૈત્રી પ્રિન્ટપૅક, અમદાવાદ-૩૮૦ ૦૧૩

**મુદ્રક :** કિરણ ઠાકર, બુકપબ ઈનોવેશન્સ, અમદાવાદ

**પ્રકાશક :**
હંમેશ મનહર મોદી
રન્નાદે પ્રકાશન,
૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૬૪ ફેક્સ : ૦૭૯-૨૨૧૪૬૧૦૯
ઈ-મેલ : rannade_2002@yahoo.com
વેબસાઈટ : www.rannade.com

**મૂલ્ય :** રૂા. ૮૦-૦૦

## અર્પણ...

**પરમ સ્નેહી શ્રી મનીષી જાનીને...**
**અને**
**આદરણીય ડૉ. શ્રી ચંદ્રકાન્ત મહેતાને...**

**સ્મરણ**

- મધુકાન્ત કલ્પિત, દિલીપ દવે, જયંત પરમાર
- બ્રિજેશ ભટ્ટ, સંજય ભાવે, સૌમ્ય જોશી, ડૉ. હર્ષદેવ માધવ, ગોવર્ધન બંજારા, ડૉ. થોમસ પરમાર, સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. ચન્દ્રકાન્ત મહેતા
- પ્રવીણ ગઢવી, ચંદુ મહેરિયા, સાહિલ પરમાર
- ડૉ. મોહન પરમાર, હરીશ મંગલમ્, યશવંત વાઘેલા
- નટુભાઈ પરમાર, મનસુખ વાઘેલા, બાલકૃષ્ણ આનંદ, ભી. ન. વણકર
- કિસન સોસા, હરજીવન દાફડા, મનીષ પરમાર, નીલેશ કાથડ, અરવિંદ વેગડા
- ચંદ્રાબહેન શ્રીમાળી, પ્રિયંકા કલ્પિત, મીના કામલે
- રાજુ વાઘેલા, તુષાર પરમાર, પરેશ પરમાર, ઉમેશ સોલંકી, મેહુલ મકવાણા, જયસુખ વાઘેલા, ધીરુ કોટવાલ, અરવિંદ પરમાર
- હર્ષદ ત્રિવેદી, ધૂની માંડલિયા, વિનોદ ગાંધી, કુમારજૈમિની શાસ્ત્રી
- ડૉ. રંજના અરગડે, ડૉ. રૂપા મહેતા, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ચંદ્ર દૂધરેજિયા, રજની ઠાકર, પ્રશાંત જાદવ
- સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, એચ. કે. આર્ટ્સ કૉલેજ, સેન્ટર ફૉર ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન, હીરામણિ ઇન્સ્ટિટ્યૂટ ફૉર મીડિયા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ
- એ સહુ મિત્રો-સ્વજનોનું જેમણે મને સંશોધનના તાપમાં તપતો જોયો.

**સલામ**

- પ્રવીણ પંડ્યા, ડૉ. નીરવ પટેલ, મનીષી જાની
- ડૉ. રમેશચંદ્ર પરમાર, વાલજીભાઈ પટેલ, ઇન્દુકુમાર જાની
- જોસેફ મૅકવાન, દલપત ચૌહાણ, રાજુ સોલંકી, ડૉ. પી. જી. જ્યોતિકર

**આભાર**

- હયાતી, શબ્દસૃષ્ટિ, કવિલોક, નયા માર્ગ, દલિત ચેતના, ચાહના, અવસર, નિસબત, દલિત અધિકાર
- ગુજરાતી દલિત કવિતા, નિસબત
- http://gujdalit.blogspot.in, http://gujaratidalitsahitya.blogspot.in

## મારી સામાજિક નિસબત

બાળપણમાં ટેલિવિઝન પર 'મહાભારત' જોવાનું ગમતું. મને એમાં 'એકલવ્ય', 'કર્ણ', 'અશ્વત્થામા' અને એના જેવા અનેક પીડિત પાત્રોની વેદના ખળભળાવી નાખતી. આ સિરિયલથી એટલો પ્રભાવિત થયો કે 'મહાભારત' વાંચતો થયો. સમજણ પડતા વાર લાગી અને જ્યારે સમજાયું ત્યારે સમજાયું કે 'એકલવ્ય'નો તો અંગૂઠો ગયો પણ 'કર્ણ' અને 'અર્જુન' તો એક જ કૂખે જન્મયા હોવા છતાં 'રાધેય' અને 'કુંતેય' વચ્ચેની ખાઈ 'મહાભારત'ના સમયથી માંડીને આજેય એટલી અને એવી ને એવી જ અકબંધ છે.

શાળા-કૉલેજમાં પ્રવેશ સમયે કોઈ ચર્ચાનો વિષય હોય ત્યારે 'રિઝર્વેશન' શબ્દની જ મોકાણ મંડાતી. આ મોકાણે મને અંદરથી મજબૂત બનાવ્યો. અને કદાચ એટલે જ હું હંમેશાં જનરલ સીટ માટેના જે ઍડમિશન ક્રાઈટેરિયા હોય તેના કરતાં પણ વધારે માર્ક્સ મેળવીને ઓપન કૅટેગરીમાં ઍડમિશન લેતો થયો. આમ, ઓપન કૅટેગરીમાં રહીને મારી જાતને જરા અળગી રાખવાનો પ્રયત્ન કરતો રહ્યો. અલબત્ત, ગુણવત્તા અને પ્રતિભાને જાતિ સાથે ક્યારેય ન જોડવી જોઈએ એવું મારું દૃઢપણે માનવું છે. પણ કમનસીબે આપણે ત્યાં હજુ 'એકલવ્ય'ને હાથ આપવાને બદલે એનો અંગૂઠો જ કાપી લેવામાં આવે છે. પહેલા આંખ સામે કપાતો હવે બીજી કોઈ રીતે. આ શહેરી માનસિકતા છે.

ખૈર. પ્રાથમિક શિક્ષણથી જ સાહિત્યના પ્રેમમાં પડ્યો જે આગળ જતાં કવિતાલેખન સુધી વિસ્તર્યો. ૧૯૯૭-૯૮માં ચાંદખેડામાં શ્રી મધુકાન્ત કલ્પિતને ત્યાં અવારનવાર આ પ્રકારની કાવ્યચર્ચા માટે મિત્ર દિલીપ દવે સાથે જવાનું થતું. જેમાં અનેક મિત્રો જોડાતાં. મારા માટે આ નવો અનુભવ હતો. સમય સરકતો ગયો ને હુંય સરકતો ગયો. સંપૂર્ણ અભ્યાસરત-સાહિત્યરત થયો.

સી. યુ. શાહ કૉમર્સ કૉલેજમાં પ્રા. બ્રિજેશ ભટ્ટ સાથે સાહિત્યની ચર્ચાઓ થતી, પરિણામે કારકિર્દીની દોટમાં કૉમર્સના સ્નાતક થયા બાદ પુનઃ આર્ટ્સનું શિક્ષણ શરૂ થયું. આ વખતે ગમતો વિષય હતો - અંગ્રેજી સાહિત્ય. અભ્યાસની સાથે જ અભ્યાસક્રમ સિવાયની 'બ્લૅક પોએટ્રી' વાંચતો થયો. વળી, કૉમર્સના અભ્યાસ વખતે જ ગૂજરાત વિદ્યાપીઠમાં ઉર્દૂ ભાષા શીખવાનું શરૂ કર્યું હતું, જ્યાં શ્રી નીરવ પટેલ સાથે પરિચય થયો. હવે હું સામાજિક અને સાહિત્યિક રીતે પુખ્ત હતો. એચ. કે. આર્ટ્સ કૉલેજમાં શ્રી સંજય ભાવે અને શ્રી સૌમ્ય જોશી સાથે સામાજિક નિસબતની અનેક પ્રવૃત્તિઓમાં પ્રસંગોપાત્ત જોતરાવાનું થયું. આ પ્રવૃત્તિએ પણ મને અંદરથી ઘડ્યો છે.

આ બાજુ 'બુધસભા'માં નિયમિત જવાનું થતું. 'બુધસભા'માં શ્રી પ્રવીણ પંડ્યા સાથે આત્મીયતા બંધાઈ. શ્રી પ્રવીણ પંડ્યા અને ડૉ. રંજના અરગડે — આ દંપતીએ મને ઘણા સામાજિક પાઠ ભણાવ્યા છે. આ બધું ભાથું લઈને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ આરંભ્યું. અહીંથી જ એક નવી દિશા ઊઘડે છે. 'માસ્ટર ઇન ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન'ના અભ્યાસના ભાગરૂપે એક લઘુ સંશોધન કરવાનું હતું. મારામાં સામાજિક અને સાહિત્યિક બેઉ ચેતનાનો સંઘર્ષ ચાલતો હતો. વળી, તે સમયે તમામ શિષ્ટ સામયિકોમાં મારી કવિતાઓ પ્રકાશિત થતી હતી. અભ્યાસના ભાગરૂપે રિસર્ચ કરવાનું હતું. થયું, કવિતા પર જ કામ કરીએ. અને શ્રી મનીષી જાનીના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ' વિષય પર સંશોધન શરૂ થયું. બસ પછી તો રોજ શ્રી મનીષી જાનીને ત્યાં અનેક ચર્ચાઓ થતી રહેતી જે મને ઘડતી રહી. આ સંશોધને મને અનેક દલિત કર્મશીલોનો પરિચય કરાવ્યો.

આ લઘુ સંશોધનની આંગળી ઝાલી મેં પીએચ.ડી.ના મહા સંશોધન તરફ દોટ મૂકી અને પરિણામ સ્વરૂપે ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માર્ગદર્શન હેઠળ 'ગુજરાતના દલિત સામયિક પત્રકારત્વની વિકાસયાત્રા' વિષય પર પીએચ.ડી.નું સંશોધન થયું. દલિત સામયિકોના અભ્યાસે મને અંદરથી હચમચાવી દીધો. આ સંશોધને મારી સમજણને એક નવી દિશા, એક નવો ઓપ આપ્યો.

આમ, શ્રી નીરવ પટેલ, શ્રી પ્રવીણ પંડ્યા અને શ્રી મનીષી જાની - આ ત્રિવેણી સંગમે મારામાં જે સામાજિક ચેતનાનાં બીજ રોપ્યાં, એ ક્રમશઃ વિકસતાં ગયાં. પરિણામે હું મારી જાતને વ્યક્તિ તરીકે ઓગાળી એક આખા 'પીડિત

સમાજ' સાથે સાંકળતો થયો. મને એમ થતું કે માત્ર 'દલિત' સંજ્ઞા એ કોઈ ચોક્કસ જાતિ પૂરતી ભલે સીમિત હોય પણ એ સહુ કોઈ 'દલિત' છે જેને વિના કારણે અપમાન સહેવું પડતું હોય. 'દલિત' હોવું એ કોઈ વ્યક્તિવિશેષના હાથની વાત નથી. એ તો કુદરતી પ્રક્રિયાનો જન્મ સહજ ભાગ છે અને જેના ભાગમાં જે હોય તે તેનું ભાગ્ય. આપણા સમાજમાં સામાજિક માળખું જ એવું છે કે અહીં 'દલિતો'નો પાર નથી. કોઈ મને તો કોઈ કમને 'દલિત' હોય જ છે. કોઈ જન્મજાત દલિત હોય છે તો કોઈ જન્મયા પછી કહેવાતાં સામાજિક-આર્થિક કારણોને લીધે. પરંતુ મારા સમયના સાહિત્યમાં આ બધું સ્પષ્ટતા-સ્વચ્છતા અને સાચુકલી સંવેદના સાથે હજુ આવતું નહોતું. હા, મુશાયરામાં બે ઘડી કહેવાતી પીડાનો અંચળો ઓઢીને તાળીઓ ઊઘરાવી લેવા આવાં સંવેદનોનો ઉપયોગ અવશ્ય કરી લેવાતો. પણ હું કંઈ જુદું જ વિચારતો હતો. એ ટોળામાંથી મારી જાતને અળગી રાખી ગુજરાતી-અંગ્રેજી-ઉર્દૂ-હિન્દી સાહિત્યનો સતત અભ્યાસ કરતો રહ્યો. આ તમામ સાહિત્યમાં માનવકેન્દ્રી સંવેદનાઓ ફંફોસતો રહ્યો. ક્યાંક મળતી તો ક્યાંક ન મળતી.

હકીકતમાં પીડાનું શાબ્દિક અવતરણ જ કાવ્યપદાર્થ છે. તો શોષિત-પીડિત હોવું પણ પીડા. એ રીતે પ્રતિબદ્ધ કવિતાનું અવતરવું એ એક પીડાનું બીજી પીડામાં એકરૂપ થવું. મારા મતે તો કોઈ પણ કવિતા પહેલાં તો કવિતા જ છે અને એટલે જ કવિતાના ધારાધોરણ એને સહજ રીતે લાગુ પડવાના છે. સામાન્ય રીતે આવી કવિતા આક્રોશ અને હૈયાવરાળ ઠાલવવા માટે લખાય છે એવી એક છાપ પ્રવર્તે છે. પણ આ સંજ્ઞા વિશાળ છે, જે અન્યાય સામે અવાજ ઉઠાવતી વિદ્રોહી કવિતા ઇત્યાદિને પોતાનામાં સમાવી લે છે. દલિત, આદિવાસી, સ્ત્રી તથા જેમને રંગભેદ કે ધર્મભેદને લીધે સહેવું પડે છે. એ સહુ કોઈનો સધિયારો છે જેમને કોઈ ને કોઈ રીતે અન્યાયનો ભોગ બનવું પડ્યું છે, શોષાવું પડ્યું છે, હિજરાવું પડ્યું છે. મારા આ થોડા અનુભવે મને લાગ્યું છે કે આ કવિતા ઘણી વધારે માવજત માંગી લે છે. કારણ કે પ્રતિબદ્ધ કવિતાએ બે રીતે પોતાને સાકાર કરવી પડે છે - એક તો પોતીકી અભિવ્યક્તિ રૂપે અને બીજું કવિતાના સ્વરૂપની રીતે. અને કવિતા સાથે નાતો હોવાને કારણે આ કવિતાઓ લખવી સહજ થઈ. જો આ કવિતાઓના સર્જને મને જેટલો પીડ્યો એટલા જ તમને પીડશે તો મને લાગશે કે મારી પીડાનું અવતરણ સાર્થક નીવડ્યું છે.

**૨૩, જૂન ૨૦૧૨** **- અશોક ચાવડા 'બેદિલ'**

## સાવ છૂટાં પર્ણમાં પાંગરતી કવિતા

'પાંદડું લીલું ને રંગ રાતો...' કે 'દેખી પાન ખરંત, હસતી કૂંપળિયા...' જેવી પરંપરાગત ગુજરાતી કવિતામાં પાન-પાંદડાં સાથે શૃંગાર-પ્રેમથી માંડી વૃદ્ધત્વ જોડાયેલું આપણે જોતાં રહ્યાં છીએ. પણ આજનો આ કવિ અશોક ચાવડા પર્ણને વર્ણ સાથે જોડે છે અને તેને ઠેઠ ઈતિહાસ-દંતકથામાં અવળી છલાંગ મારીને કર્ણની વેદના સાથે પણ જોડે છે.

અને જાણે કે ડાળખીથી જોડાયેલા એટલે કે પ્રસ્થાપિત સાંસ્કૃતિક પ્રવાહના પ્રતીક સમા કૃષ્ણ જેના સારથિ છે એવા પાર્થની સામે; ડાળખીથી સાવ છૂટાં - સાવ નીચે પડેલાં પર્ણ સમા કર્ણના પાત્રમાં, વર્ણના વમળમાં અટવાયેલા સૌ વંચિતોની વાત બખૂબીથી રચાય છે.

આજે જ્યારે ચારે કોર ગઝલના નામે તુકબંધી-વાણીવિલાસ અને સ્વાર્થ સભર નિજાનંદ જોવાં મળી રહ્યાં છે ને સાથે સાથે સમાજમાં જે કંઈ કુરૂપ છે, જે કંઈ વિષ અને વિષમતાપૂર્ણ મનુષ્યવિરોધી ચાલી રહ્યું છે તેની સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે ને ખાસ કરીને પૂંજીપતિઓ અને ધાર્મિક ને રાજકીય સત્તાખોર આગેવાનોની જુગલબંધીમાં ગઝલસાહિત્ય જ્યારે નવરાશનું, બે ઘડી મોજમજાનું રમકડું બની ગયું છે ત્યારે અર્થસભર શબ્દની તાકાત અને કંઈક સામાજિક પલટાની ઝાંખી આપણને કવિ અશોક ચાવડાનાં મુક્તકો ગઝલોમાં દેખાય છે.

સામંતીમૂલ્યોમાં હજીય ગુજરાતના જે પ્રદેશો ગળાડૂબ છે એમાંના એક સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકના ગામ મનડાસરથી કવિ અશોક ચાવડાનું કુટુંબ અમદાવાદમાં આવે છે. કોઈ પણ દલિત માટે ભણતર એક મોટું હથિયાર છે. કૉમર્સ, આર્ટ્સ, ભાષા-સાહિત્ય, પત્રકારત્વ, વિકાસલક્ષી

પત્રકારત્વ (Development Communication) અને કમ્પ્યૂટર શિક્ષણ. આ બધા વિષયોમાં ભણવાની પ્રકૃતિ યુવાન કવિ અશોકે સતત ચાલુ રાખી છે અને 'ગુજરાતના દલિત સામયિક પત્રકારત્વની વિકાસયાત્રા' વિષયમાં પીએચ.ડી. કરીને જાણે કે આંબેડકરના 'શિક્ષિત બનો' એવા મહત્ત્વના મંત્રના રસ્તે ચાલવાનો પ્રયાસ કર્યો છે. અને ભણતર નામે હથિયારની ધાર તેજ કરવાની સજ્જતા હાંસલ કરી છે. કવિ અશોક પોતે જ કહે છે :

**જ્યારથી ઉપયોગ ફાવ્યો શબ્દની તલવારનો,**
**ત્યારથી કૈં કેટલીયે લાતથી બચતો થયો.**

સાતમા દાયકાના અંતમાં ગુજરાતીમાં દલિત સાહિત્ય ઊભરી આવ્યું. ૧૯૮૧-૮૫માં થયેલાં અનામતનાં તોફાનો અને ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં દલિત વસ્તીઓ પરના જાતિવાદી હુમલાઓ ને દલિતો પરના શારીરિક તેમ જ માનસિક દમને એક વ્યાપક હલચલ ઊભી કરી અને સેંકડો વરસનાં જાતિવાદી શોષણ-દમન અને તેની સામેના પડકારોને દલિતહાથોએ પોતાની કલમથી વાચા આપી.

અલબત્ત સાતમા દાયકાના અંત ભાગમાં એટલે કે ૧૯૭૮માં જન્મેલા કવિ અશોકે આ સમયગાળાની ઘટનાઓને જાતે જોઈ કે અનુભવી નથી પણ વર્ણવ્યવસ્થા એને મહોલ્લામાં, શાળામાં-કૉલેજમાં ઠેકઠેકાણે નડી છે. એટલે જ એ કહે છે :

**ગલી, શેરી, મહોલ્લો ને કબરની બ્હાર રાખ્યો છે;**
**મને બહુ કાળજીપૂર્વક નગરની બ્હાર રાખ્યો છે.**

કવિ અશોક ચાવડાના સમવયસ્કો જ્યારે ગુજરાતીપૂર્વક, કવિતાપૂર્વક, નમસ્કારપૂર્વક, પાયલાગણપૂર્વક જેવા ચબરાકિયા શબ્દોના શણગારથી 'ગઝલદેવી'ની રજૂઆતથી ભદ્રવર્ગીય મહેફિલોમાં તાળીઓ ઉઘરાવી રહ્યા છે ત્યારે કવિને કાળજીપૂર્વક બ્હાર રાખવાની વેદના કવિ પોતે જેને 'પ્રતિબદ્ધ કવિતા' કહે છે તે દ્વારા આ નવી સદીના પહેલા દસકામાં આપણી સમક્ષ મૂકે છે.

આ કાવ્યસંગ્રહમાં કવિની ૧૯ વરસે ૧૯૯૭માં લખાયેલી ગઝલથી માંડી ૨૦૧૧ સુધીની ગઝલોમાં તરુણાવસ્થાથી અનુભવેલી જાતિવાદી પીડાથી લઈ તેને પડકારવાની એક તાજગીસભર રીતે થયેલી ગતિ જોઈ શકાય છે.

૧૯૯૭માં 'ક્યાં સુધી' ગઝલમાં કવિ કહે છે :

**અંગ પરના બધા ઘાવ બોલી ઊઠ્યા,**
**નહિ કરીએ હવે સામનો ક્યાં સુધી?**

તો

**એક તણખો છું હું જાણ એને નથી,**
**જે મને રોજ પૂરે છે માચીસમાં.**

આ ઉપરાંત જાતિવાદી સમાજરચનાને કવિએ શબ્દોના 'પન' (pun) અને તે ક્યાં ક્યાં કેવી રીતે ધર્મની આડશ લઈને પ્રગટે છે એનીય વાત તે ગઝલોમાં બખૂબીથી મૂકે છે :

**એ જ ફરિયાદ હોય જીવનથી,**
**જાતિ જાતી નથી કદી મનથી.**

* * *

**ઉચ્ચાર 'બેદિલ' ઓમ કે આમીન ક્યાં બચ્યો?**
**પડઘાય 'તેરી જાતકા' દંગાફસાદમાં.**

ગુજરાતી દલિત સાહિત્યના આરંભમાં વ્યથા અને સામાજિક દમન, જે આંખથી જોઈ શકાતું - જે શબ્દમાં પામી શકાતું એ મુખર થઈને આવતું હતું. જ્યારે એ આરંભના સમયગાળાના પચીસ વરસ બાદ યુવા કવિ અશોક ચાવડાની કવિતાઓમાંથી પસાર થતા; વર્ણવ્યવસ્થા, અસ્પૃશ્યતા, શોષણ-દમન, ભેદભાવ અને નફરત જે આંખથી જોઈ શકાતાં નથી, પણ અદૃશ્ય રીતેય વાણી-વર્તન-વ્યવહારમાં દેખાય છે તે સંકુલ રીતે અને તેય પાછું ગઝલ-ગીત કે ગદ્યકવિતાના વિવિધ પ્રકારે વ્યક્ત થાય છે :

**વાતમાંથી એક બીજી વાત પૂછે છે;**
**નામ-સરનામું પૂછીને જાત પૂછે છે.**

* * *

**બેઉ તરફા પ્રહારથી મારે;**
**તું વિચારી, વિચારથી મારે.**

* * *

**તું સતત અટવાય એ.સી. કોચમાં છો ઉમ્રભર;**
**હું હજી જીવ્યા કરું છું રેલના પાટા ઉપર.**

* * *

**બીડીના એક ઠૂંઠે તમને સંભારું શામળિયા**

* * *

**વ.ચ.માં જ રહી ગયો વચમાં**

* * *

**વડલાને ખાઈ રહ્યા ટેટા**

* * *

**શું તિલક શું જનોઈ?**

* * *

**પોતાના પગ પર ઊભો છું**
**તોય સાંભળું વેણ;**
**અંદરથી તૂટું છું કાયમ**
**કેમ કરાવું રેણ.**

* * *

**તું જો હો ઝળહળતો સૂરજ, હું ભાંગ્યુંતૂટ્યું ફાનસ છું.**
**હું તારા જેવો માણસ છું.**

કવિનો મિજાજ ગીતોમાં પણ બરકરાર રહે છે. ગીત એટલે પોચટતા, એમાં ગેયતત્ત્વને લઈ વિચાર-લાગણીની મૃદુતા હોય એવું સાંપ્રત સમયમાં મોટા ભાગનાં ગુજરાતી ગીતોમાં જણાય છે - મનાય છે. પણ અહીં 'તારા જેવો માણસ છું' એ ગીતમાં કવિ નમ્રતાથી એમ કહે છે કે 'હું ભાંગ્યુંતૂટ્યું ફાનસ છું'. પરંતુ સાથે એવું પણ પૂર્વકથન મૂકે છે કે 'તું જો હો ઝળહળતો સૂરજ...' આ પંક્તિમાં 'જો' મૂકીને 'માણસાઈ'ને અને ગીતને પણ એક નવી દિશા આપી છે.

ગીત-ગઝલની સાથે ગદ્યકવિતામાંય આ કવિ 'વર્ણની સાથે વર્ણમાલા નડે છે' એમ કહી ગુજરાતી ભાષા-સાહિત્યમાં વ્યક્ત થયેલાં સ્થાપિત મૂલ્યોને નવેસરથી ફંફોસવાનો-તપાસવાનો પ્રયત્ન કરતા હોય એવું જણાય છે. અને તે જ વાત આપણને ગઈકાલની કરતાં આજની દલિત કવિતા કંઈક નવી દિશામાં અને નવી હવામાં ડગ માંડી રહી છે તેવી આશા બંધાવે છે. 'એકલવ્ય' સાથે ગુરુ દ્રોણે કરેલી 'બદમાશી' વિવિધ રૂપે આપણે સાતમા-આઠમા દાયકાની દલિત કવિતામાં પ્રગટેલી જોઈએ છીએ. પણ આજનો આ કવિ આ જ વાતને 'જો આવું ન થાત તો' કવિતામાં કંઈક આ રીતે મૂકે છે :

**એકલવ્યની વેંત નાની ન હોત તો...**
**મત્સ્યવેધ કરીને એ દ્રૌપદીને વરત**
**અને પાંચાલીને પાંચ પતિ નહીં**
**પણ પાંચ આંગળીવાળો એક પતિ મળત.**

'પાંચ પતિ' અને 'પાંચ આંગળીઓ'ના નવા જમાનાના નવગણિતના દાખલા ગણીને કવિ અશોકે આ જ રીતે 'આભડછેટ' ગદ્યકાવ્યમાં 'પેલો કાળિયો', 'છેવાડાનો કાળિયો', 'કાળિયા ઠાકર', 'કાળિયા ચાકર' જેવા વિવિધ 'કાળિયા' મૂકીને રૂઢિગત મંદિરના 'કાળિયા'ને નામે ચાલતા કાળા દંભને લાજવાબ રીતે મૂકી આપ્યો છે. અને આ પ્રકારની શબ્દસમૃદ્ધિની સાથે પ્રતિબદ્ધ વિચારના ગુણાકાર આ કાવ્યસંગ્રહને નોંધપાત્ર બનાવે છે.

આ કાવ્યસંગ્રહનું શુભેચ્છા સહ સ્વાગત કરીએ.

**૨૩, જુલાઈ ૨૦૧૨**

**- મનીષી જાની**
**૨૪/૨૪૯, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ,**
**વીમાનગર પાછળ, સૅટેલાઈટ રોડ,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**
ઈ-મેલ : manishijani@hotmail.com

## બહિષ્કૃત પર્ણોની કવિતા

સાહિત્ય મારી, તમારી, આપણા સહુની જરૂરિયાત હોય છે. એમાં આપણાં સુખદુ:ખની, આપણાં આશા-અરમાનની, આપણા વિચારોની, આપણી લાગણીઓની, આપણા વિકાસ અને પ્રગતિની, ઝંખનાની અભિવ્યક્તિ હોય છે એવી આપણાં સૌની રૂઢ માન્યતા છે ત્યારે સાહિત્યના નામે પ્રગટ થતા કોઈ પણ પુસ્તકને આનંદભેર આવકારવાની આપણી ફરજ બની રહેવી જોઈએ. 'ડાળખીથી સાવ છૂટાં' નામે કવિતાસંગ્રહને હું સૌ પ્રથમ તો કેવળ આ જ કારણે, એનું મુખપૃષ્ઠ જોતાંવેંત જ આવકારું. પણ મારા હરખમાં ઉમેરણ કરતું એક ઓર કારણ મને સાંપડે છે – પેટાશીર્ષક જેવી આ સંગ્રહની વિશિષ્ટ ઓળખમાં : કવિ અશોક ચાવડા એને કેવળ 'કવિતાસંગ્રહ' રૂપે નહીં, બલકે 'પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ' રૂપે ઓળખાવે છે.

'પ્રતિબદ્ધ' વિશેષણ જ્યારે સાહિત્ય સાથે જોડાયેલું હોય છે ત્યારે તો મારી અપેક્ષાઓ ઓર વધી જાય છે. કારણ કે રૂઢ અર્થમાં આવું સાહિત્ય કેવળ 'વ્યક્તિ'ની જરૂરિયાતપૂર્તિ માટે નહીં બલકે સામાજિક-આર્થિક-રાજકીય અન્યાયનો ભોગ બનેલા, દેશકાળ અને સ્થિતિસંજોગો મુજબ ઓળખાતા દલિત, આદિવાસી, અશ્વેતો, સ્ત્રીઓ, લઘુમતીઓ, શોષિતો, પીડિતો, સર્વહારા, 'હેવ નોટ્સ' અને 'સબ-ઓલ્ટર્ન' જેવા જુદા જુદા માનવસમુદાયોના 'અવાજ'ની અભિવ્યક્તિ બનીને આવે છે. આવું 'પ્રતિબદ્ધ સાહિત્ય' ક્યારેક આવી સર્વસામાન્ય સંજ્ઞાથી તો ક્યારેક 'સ્પેસિફિક ફોકસ'ની અનિવાર્ય માંગને કારણે દલિત સાહિત્ય, જનવાદી સાહિત્ય, સમાંતર સાહિત્ય, અશ્વેત સાહિત્ય, નારીવાદી સાહિત્ય, સમલિંગી સાહિત્ય વગેરે જેવી પેટાસંજ્ઞાઓથી પણ ઓળખાય છે. પણ મુખ્ય ધારાના સાહિત્યથી અલગ અને વિશિષ્ટ એવી 'પ્રતિબદ્ધ સાહિત્ય ધારાનો અવાજ' મને તો વ્યક્તિગત અને

સામાજિક એમ બેઉ જરૂરિયાતોને  સંતોષતો લાગે છે.

હું વિચારું છું શાને માટે પ્રતિબદ્ધ હશે આ કવિની કવિતા? પ્રતિબદ્ધતા તો સાહિત્યેતર પણ હોઈ શકે છે : I am committed to my relationship; I am committed to my personal cause; I am committed to make money; I am committed to my style of writing; I am committed to my ideology of racism and fascism જેવા સાવ અંગત અને કદાચિત સ્વાર્થી, માનવતાવિરોધી એકરાર કે નિર્ધારને પણ વ્યક્તિની 'પ્રતિબદ્ધતાઓ' ગણવામાં આવે છે. પણ મને તુરંત સંકેત મળી જાય છે શીર્ષક નીચે જ છપાયેલા આ એકમેવ મુક્તકથી :

**ડાળખીથી સાવ છૂટાં થઈ ગયેલાં પર્ણમાં;**
**કેટલા નીચે તમે મૂક્યા અમોને વર્ણમાં.**
**કૂખ કુંતીની જ કારણ દેહનું તોયે છતાં,**
**પાર્થમાં ગણના તમારી ને અમારી કર્ણમાં.**

ભારતીય સમાજરૂપી વટવૃક્ષના આ બહિષ્કૃત પર્ણો, આ અપમાનિત પર્ણો, બેરહમ રીતે કચડી નાખવામાં આવેલાં, છૂંદી નાખવામાં આવેલાં આ પદદલિત પર્ણોને ભલા કોણ નથી ઓળખતું? કવિ આવા અતિક્ષુદ્ર અતિક્ષુદ્ર ગણાયેલાં પર્ણોની ફરિયાદ અને વેદનાને વાચા આપશે, એમની ગરિમા ને અધિકારની ગુહારને બુલંદ અભિવ્યક્તિ આપશે એવી મોટી આશાઓ સાથે હું પ્રવેશ કરું છું આ સંગ્રહમાં.

અનુક્રમણિકા પર નજર કરું છું તો ગઝલો, ગીતો અને ગદ્યકવિતાઓ એવા ત્રણ વિભાગોમાં વહેંચાયેલી 'કવિતા' જોઉં છું. ગીત, ગઝલ કે ભજન વગેરેનું ગાયન કે વાચિકમ્ થઈ શકે એ તો એક બીજો આનંદ, પણ 'કવિતા' પરફોર્મન્સના એવા કશા બાહરી સહારાની મોહતાજ ન હોવી જોઈએ. હું કવિતાને શબ્દો ગણીને, પંક્તિઓ ગણીને, ગણ કે છંદ પારખીને કે પ્રાસાનુપ્રાસ કે રદીફ-કાફિયા વગેરે ચકાસીને-જાણીને માણી શકતો નથી. હું તો લાગણી-વિચાર-કલ્પના વગેરેથી બનતી 'કન્ટેન્ટ'ને કવિએ પ્રગતિશીલ, માનવતાવાદી વિચારધારા અને શબ્દો એટલે કે ભાષા થકી જે અભિવ્યક્તિ આપી છે તે કેટલી અપીલિંગ બની શકી છે તે કન્ટેન્ટ અને એક્સપ્રેશન એમ બેઉ મળી વ્યક્તિ કે સમાજ યા બેઉના જીવનને એ કેટલી ઉપયોગી, કલ્યાણકારી, વિકાસશીલ બની શકે છે એવા પ્યોરલી યુટિલિટીના એસ્થેટિક્સથી જ કવિતાને વખાણું કે વખોડું છું :

**ગલી, શેરી, મહોલ્લો ને કબરની બ્હાર રાખ્યો છે;**
**મને બહુ કાળજીપૂર્વક નગરની બ્હાર રાખ્યો છે.**

કવિ આ કેવા પ્રકારના સેગ્રિગેશનની, કેવા પ્રકારના બહિષ્કારની, કેવા પ્રકારના નાગરિક અધિકાર હનનની વાત કરે છે? નગરની બહાર રાખીને નાગરિક બનતા રોકવાના આ 'કાળજીપૂર્વક'ના ષડયંત્ર વિશે વાચકને વિચારવાની ફરજ પાડે છે આ પહેલી જ ગઝલના આરંભિક શેરનો ફરિયાદી-વિષાદી સૂર. ગલી, શેરી, મહોલ્લો, કબર — જીવનથી મરણ સુધીની તમામ જરૂરિયાતોથી 'તેં' 'મને' વંચિત કરી કાઢ્યો છે અને અહીં આ બેઉ સર્વનામો ભારતીય સમાજવ્યવસ્થાને જાણતા આપણે સહુ બહુ આસાનીથી સમૂહવાચક નામોમાં તબદીલ કરી આ શેરનો તથા ત્યાર પછીના સૌ શેરનો સાચો અને પૂર્ણ અર્થબોધ પામી શકીએ છીએ.

શું આ ગઝલના સ્વરૂપે બંધાયેલી 'કવિતા'ની ટોટલ અપીલ અને ઈમ્પેક્ટ વાચકને વિચારવા મજબૂર કરે છે કે તે અપરાધબોધ અનુભવીને, પ્રાયશ્ચિત્તપૂર્વક માનતો થાય કે આ દેશમાં જન્મેલ હર કોઈ બહિષ્કૃત 'અનાગરિક' સમાનતા, બંધુતા અને સ્વતંત્રતા ભોગવી શકે તેવો 'નાગરિક' હોવો જોઈએ? અલબત્ત, 'કવિતા' સામે આ બહુ આકરી શરત અને બહુ મોટી ડિમાન્ડ છે જેને કોઈ વિરલ પ્રતિભાવાન 'કવિ' જ પાર પાડી શકે. પણ પ્રતિભા આકાશમાંથી ટપકતી કોઈ દૈવી ચીજ નથી, એ તો પરિશ્રમપૂર્વકના ગહન અને વ્યાપક સ્વાધ્યાયથી જ પ્રાપ્ત કરી શકાય છે. શ્રદ્ધા રાખીએ, આવતી કાલનો અશોક પ્રતિભાવાન હોઈ શકે છે. 'પ્રતિબદ્ધ કવિતા'એ રદીફ-કાફિયા કે પ્રાસાનુપ્રાસ ગોઠવવાની મજૂરીથી રચાતી તુકબંધીથી ઉપરાંતની બહુ લાંબી મજલ કાપવાની હોય છે. કારણ કે એનું ધ્યેય મનોરંજન કે નિજાનંદ કે કલાત્મક સૌંદર્યબોધ કે આધ્યાત્મિક આનંદ વગેરે જેવા વ્યક્તિકેન્દ્રી કે ગૂઢ રહસ્યવાદી ધ્યેય કરતાં વધારે ઉદાત્ત હોય છે. માનવી માત્રને માનવ ગરિમા સમેતના માનવ અધિકાર પ્રાપ્ત કરવાના સંઘર્ષમાં જોતરાવાનું એનું મિશન ખરેખર જ ઉદાત્ત છે.

વંચિતતાથી જન્મતી વેદનાઓનો શોષકોને-પીડકોને કશો અણસાર નથી હોતો, અને એ જ રીતે વંચિતોનાં હૃદય ને મનમસ્તિષ્કમાં સદા સળગતા દાવાનળનો પણ એમને કશો અણસાર નથી હોતો. ઉમાશંકર જેવો કોઈ કવિ ચોખ્ખેચોખ્ખી ચેતવણી આપે તોપણ એ તેઓ પેલા ભારેલા આક્રોશની ઠેકડી ઉડાડે છે. આપણો

આ પ્રતિબદ્ધ કવિ તો બહુ જ પ્રતીકાત્મક રીતે, બહુ જ કાવ્યમય રીતે સૌ અન્યાયકારીઓને ‘ચીસ’ પાડીને આ ગઝલના બે શેરથી ચેતવે છે :

**વેદનાઓ ભળી જ્યાં ગઝલ-ગીતમાં;**
**કાવ્ય રૂપાંતરિત થઈ ગયું ચીસમાં.**
**એક તણખો છું હું જાણ એને નથી,**
**જે મને રોજ પૂરે છે માચીસમાં.**

પ્રતિબદ્ધ કવિ કૌશલ્ય કેળવે તો અછાંદસની જેમ ગઝલ અને ગીત થકી પણ સામાજિક ન્યાયનું નવું નાગરિકશાસ્ત્ર તર્કબદ્ધ રીતે વાચકને પહોંચાડી શકે. ‘આભડછેટ’ ગીતના આ બે સુંદર સ્ટાન્ઝાઓ જુઓ :

**તારા ને મારા બંનેના શ્વાસોમાં**
**એક જ સરીખી હવાઓ;**
**તારા ને મારા હોવામાં**
**તોય કેવી જોને દ્વિધાઓ.**
**હુંયે છું માણસ ને તુંય છું માણસ**
**તો એક દી’ તો થાવાનો ભેટો.**
**આમ ક્યાં સુધી ચાલવાનો છેટો?**

અહીં પ્રયોજાયેલા ‘ભેટો’ અને ‘છેટો’નો પ્રાસાનુપ્રાસ કવિની કોઈ તુકબંધી સાધવાની નરી ‘સાહિત્યિક’ કે ‘કલાત્મક’ કે ‘બંધારણીય’ જરૂરિયાતપૂર્તિ માટે નહીં, બલ્કે એની સામાજિક વાસ્તવમાં છુપાયેલી અર્થગર્ભતાની પ્રગટ કરવાની સભાનતાના સૂચક છે. એક ‘પ્રતિબદ્ધ’ કવિ પોએટિક્સના આવાં પ્રાથમિક અને આદિમ સાધનોથી અભિવ્યક્તિને સઘન અને સરળ બનાવી શકે છે. કારણ કે એ એવું માનતો હોય છે કે એની કવિતામાં છુપાયેલો ‘મૅસેજ’ જે એના માટે સૌથી મહત્ત્વની ‘ચીજ’ છે એ આવી ધારદાર અભિવ્યક્તિ વગર વાચકના દિલોદિમાગને અપીલ કરી શકવાનો નથી. અને એવી વ્યર્થ અપીલથી તો ‘પ્રતિબદ્ધ કવિતા’ થકી નવા ન્યાયી સમાજપરિવર્તન સાધવાનું એનું સપનું પણ વ્યર્થ જ જાય!

‘ગદ્ય કવિતા’ના ત્રીજા અને અંતિમ વિભાગમાં કવિ ‘સપના’ની વાત કરે છે. અલબત્ત એ દારુણ ને દાહક દુ:સ્વપ્ન બની રહ્યું છે :

**હું ઊંઘી શકતો નથી,**
**ઊંઘવા જાઉં છું તો**

**આંખો ફાટી જાય**
**એવાં બિહામણાં સપનાં આવે છે.**

ને કવિ દલિતો-શોષિતો પર સદીઓથી થતા આવતા જુલ્મો-સિતમના સિલસિલામાંથી કેવળ એક જ 'સપના'નું દૃષ્ટાંત આપવાનું પૂરતું ગણે છે :

**પૂર્વજોની પીડા,**
**બળજબરીથી રતિક્રીડા**
**ને સામે હરામખોર કીડા**
**આંખ મીંચું તો મીંચું કેમ?**

કવિ કહે છે કે

**મારી હાલત રોવા જેવી છે ને હું રડી નથી શકતો.**

તાત્કાલિક બદલાવ માંગતી આ સામાજિક વાસ્તવની પરિસ્થિતિઓ આ ક્ષણે રુદનની સ્વાભાવિક અભિવ્યક્તિને સ્થાને રોષ અને આક્રોશની, પુણ્યપ્રકોપની બળવત્તર અભિવ્યક્તિઓ બનીને ઊભરાય છે :

**આ સપનાએ બળતરા પેદા કરી છે આંખોમાં,**
**તેણે ઘર કર્યું છે આંસુમાં**
**અને આંસુ બની ગયાં તેજાબ.**

'ડાળખીથી સાવ છૂટાં' પાડી દેવાયેલાં આ બહિષ્કૃત પર્ણોની વેદના આ કાવ્યસંગ્રહમાં અહીંતહીં-સર્વત્ર વેરાયેલી છે. કવિ અશોક એનાં તેજાબી આંસુઓથી આપણને સૌને સળગાવતો રહેશે, અને ભીંજવતો પણ રહેશે એવી આશા-અપેક્ષાઓ અસ્થાને નથી. એની 'પ્રતિબદ્ધતા' ઉત્તરોત્તર પાકી ને સાચી બનતી જશે, એની પ્રગતિશીલ માનવતાવાદી વિચારધારા ઉત્તરોત્તર પુખ્ત થશે, એનો કાવ્યકસબ ઉત્તરોત્તર ધારદાર થશે એવી મને શ્રદ્ધા બેસે છે. આપણે ઇચ્છીએ કે કવિતાના ભવિષ્યમાં અશોક કે એવા સૌ કોઈ 'પ્રતિબદ્ધ' કવિઓમાંના કોઈને રડવું ના પડે, એને કવિતામાં કોઈને સળગાવવાની જરૂર ના પડે. એ પણ અન્ય લલિત કવિઓની જેમ પ્રેમ ને પ્રકૃતિની, સ્નેહ અને સૌહાર્દની ને સૌંદર્યની કવિતા લખી શકે.

**૩૧, જુલાઈ ૨૦૧૨**

**- ડૉ. નીરવ પટેલ**
**૪, હેમાંગ પાર્ક,**
**બૂટ ભવાની મંદિર પાછળ,**
**વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧**
ઈ-મેલ : neerav50@yahoo.co.in

## 'મને તો ગમી ગઈ છે આ આપડી ગુજરાતી' કવિતા

અશોક ચાવડની 'બ્હાર રાખ્યો છે' ગઝલમાં દલિત સંવેદનનું નિરૂપણ થયું છે. દલિત કવિઓ જ્યારે સ્વરૂપબદ્ધ રચનાઓ કરે છે ત્યારે એક્કો કેન્દ્રી અને સઘન અભિવ્યક્તિ જરૂર સાધી શકે છે તેવું આ રચના જોતાં કહી શકાય. 'બ્હાર રાખ્યો છે' એવા રદીફને પસંદ કરવામાં અને તેને સાદ્યંત જાળવી રાખવામાં કવિને સફળતા મળી છે. ગઝલના દરેક શેરમાં આ કવિ સવર્ણોએ કેવી ચાતુરીથી પોતાને અને સમગ્ર દલિત સમાજને મુખ્ય ધારાની બ્હાર રાખ્યા છે તેની ધારદાર છતાં સંયત અભિવ્યક્તિ કરે છે. છેલ્લા શેરમાં તો દલિતોના સ્વીકાર પાછળની રાજકીય ગણતરીને આ રીતે ઉઘાડી પાડે છે :

**જમાનાની નવી આબોહવાને માન આપીને,**
**મને સાથે જ રાખીને તેં સફરની બ્હાર રાખ્યો છે.**

**- રાજેશ પંડ્યા**

**(ગુજરાતી કવિતા ચયન-૨૦૦૯, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, પૃષ્ઠ-૮)**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ● | **ગઝલ-મુક્તક** | **પૃષ્ઠ** |
| ૧. | બહાર રાખ્યો છે | ૨ |
| ૨. | પૂછે છે | ૩ |
| ૩. | વતન વગર | ૪ |
| ૪. | મારે | ૫ |
| ૫. | ઊભા | ૬ |
| ૬. | જીવનથી | ૭ |
| ૭. | કથા વાંચો | ૮ |
| ૮. | પીડા | ૯ |
| ૯. | માંગે છે | ૧૦ |
| ૧૦. | પર્ણમાં | ૧૧ |
| ૧૧. | જોઈએ | ૧૨ |
| ૧૨. | રાખી છે | ૧૩ |
| ૧૩. | પાટા ઉપર | ૧૪ |
| ૧૪. | બચતો થયો | ૧૫ |
| ૧૫. | ચીસમાં | ૧૬ |
| ૧૬. | નળિયું હોય છે | ૧૭ |
| ૧૭. | દંગાફસાદમાં | ૧૮ |
| ૧૮. | આપે છે | ૧૯ |
| ૧૯. | કરવા દો | ૨૦ |
| ૨૦. | મારા શ્હેરમાં | ૨૧ |
| ૨૧. | ખંડેર | ૨૨ |
| ૨૨. | સારથિ | ૨૩ |
| ૨૩. | આંખમાં | ૨૪ |
| ૨૪. | ઉધારીમાં | ૨૫ |
| ૨૫. | ક્યાં સુધી | ૨૬ |
| ૨૬. | મારી | ૨૭ |
| ૨૭. | રાત આ લજવાઈ ગઈ છે શ્હેરમાં | ૨૮ |

- **ગીત**

૧. વૃદ્ધ મજૂરનું ગીત ૩૦
૨. વ.ચ.નું ગીત ૩૧
૩. વાડ ૩૨
૪. આધુનિક દ્રોણનું ગીત ૩૩
૫. ભણવા માટે ઉત્સુક છોકરીનું ગીત ૩૪
૬. હાથ ૩૫
૭. વડલાનું ગીત ૩૬
૮. માણસનું ગીત ૩૭
૯. ભેદભાવનું ગીત ૩૮
૧૦. આભડછેટનું ગીત ૩૯
૧૧. કેમ કરાવું રેણ ૪૦
૧૨. માણસાઈનું ગીત ૪૧
૧૩. ભૂકંપમાં તૂટેલ ઘર ન છોડતી... ૪૨
૧૪. ભિખારણનું ગીત ૪૩
૧૫. તુલના ૪૪

- **ગદ્ય કવિતા**

૧. હું-તું ૪૬
૨. સપનાં ૪૭
૩. થોર ૪૮
૪. મા ૫૧
૫. આભડછેટ ૫૩
૬. શવ-પ્રસવ ૫૪
૭. કેદ ૫૫
૮. અંતર ૫૬
૯. નોંધ ૫૭
૧૦. જો આવું ન થાત તો... ૫૮

# ડાળખીથી સાવ છૂટાં

•

અશોક ચાવડા 'બેદિલ'

# પરિચય

**નામ** : ડૉ. અશોકકુમાર પીતાંબરભાઈ ચાવડા
**ઉપનામ** : બેદિલ
**ગામ** : મનડાસર (જિ. સુરેન્દ્રનગર, તા. ચોટીલા)
**જન્મ** : ૨૩, ઑગસ્ટ ૧૯૭૮
**જન્મસ્થળ** : ભાવનગર
**ઉછેર, અભ્યાસ અને કાર્યભૂમિ** : અમદાવાદ

**અભ્યાસ :**

૧૯૯૮ બી.કૉમ. (એકાઉન્ટન્સી)
૨૦૦૧ બી.એ. (અંગ્રેજી સાહિત્ય)
૨૦૦૩ એમ.ડી.સી. (ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન)
૨૦૧૧ પીએચ.ડી. (જર્નાલિઝમ ઍન્ડ માસ મીડિયા)
૨૦૧૨ યુજીસી નેટ (માસ કૉમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમ)
૨૦૧૨ એલએલ.બી. (Contd.)

**પ્રકાશિત પુસ્તકો :**

૧. પગલાં તળાવમાં (ગઝલસંગ્રહ)પ્ર.આ.૨૦૦૩, દ્વિતીય આવૃત્તિ, ૨૦૧૨
૨. પગરવ તળાવમાં (ગઝલસંગ્રહ) ૨૦૧૨
૩. તું કહું કે તમે (ગીતસંગ્રહ) ૨૦૧૨
૪. પીટ્યો અશ્કો (હાસ્ય-વ્યંગ કવિતાસંગ્રહ) ૨૦૧૨
૫. ગઝલિસ્તાન (ભારત-પાકિસ્તાનની ઉર્દૂ ગઝલોનો અનુવાદસંગ્રહ) ૨૦૧૨
૬. ડાળખીથી સાવ છૂટાં (પ્રતિબદ્ધ કવિતાસંગ્રહ) ૨૦૧૨
૭. શબ્દોદય (વિવેચનસંગ્રહ) ૨૦૧૨
૮. કન્સાઈઝ ડિક્શનરી ઑફ પ્રૅક્ટિકલ વર્બ્સ (અંગ્રેજી-ગુજરાતી) ૨૦૧૨

**પ્રકાશ્ય :**

૧. ગુજરાતી દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ (સંશોધન) ૨૦૧૩
૨. ગુજરાતના દલિત સામયિક પત્રકારત્વની વિકાસયાત્રા (સંશોધન) ૨૦૧૩

**સંપર્ક :**

Mobile : 94266 80633
E-mail : a.chavda@yahoo.co.in E-mail : bedil@ashokchavda.com
Website : www.ashokchavda.com Facebook : ashokchavdabedil

# ગઝલ-મુક્તક

## બ્હાર રાખ્યો છે

ગલી, શેરી, મહોલ્લો ને કબરની બ્હાર રાખ્યો છે;
મને બહુ કાળજીપૂર્વક નગરની બ્હાર રાખ્યો છે.

જો તારું હોત તો હું પણ ખુશીથી બ્હાર આવી જાત,
અહીં તો તેં મને મારા જ ઘરની બ્હાર રાખ્યો છે.

નજરમાં કેમ આવું હું કે મારી વેદના આવે,
સદીઓની સદીથી બસ નજરની બ્હાર રાખ્યો છે.

કદી ના કોઈએ જાણ્યું કે મારા પર વીતી છે શું?
ખબર કેવળ તને છે તેં ખબરની બ્હાર રાખ્યો છે.

જમાનાની નવી આબોહવાને માન આપીને,
મને સાથે જ રાખીને સફરની બ્હાર રાખ્યો છે.

૩૧-૧૨-૨૦૦૮

## પૂછે છે

વાતમાંથી એક બીજી વાત પૂછે છે;
નામ-સરનામું પૂછીને જાત પૂછે છે.

સૂર્ય પણ અંધાર વખતે કામ આવે ક્યાં?
'છે જરૂરી એક દીવો' : રાત પૂછે છે!

વૈતરું મારું જ તારો એશ ને આરામ,
તું મને શું આ રીતે ઔકાત પૂછે છે.

કેટલી લાલાશ તારે જોઈએ છે બોલ,
રક્તના રંગે રચેલી ભાત પૂછે છે.

શબ્દમાં ક્યાંથી સમાઈ હું શકું 'બેદિલ',
આ સદીનો કાયમી આઘાત પૂછે છે.

૦૭-૦૮-૨૦૦૪

## વગર

ક્યારેક મુટ્ઠી ધાન તો ક્યારેક ધન વગર;
જીવનને હું જીવી રહ્યો છું લ્યો જીવન વગર.

તારા હૃદયમાં આજ પણ જો ક્યાંક ખોટ છે,
તું હાથ લંબાવી રહ્યો છે રોજ મન વગર.

સરખામણી નાહક કરે તું ફૂલ-થોરની,
તું કાળજી સાથે રહ્યો ને હું જતન વગર.

જીવન હતું ત્યારેય પણ વસ્ત્રો મળ્યાં નહીં,
આખર સમયમાં લાશ પણ રઝળી કફન વગર.

જ્યાં જ્યાં ગયો ત્યાં ગામ છોડીને જવું પડ્યું,
આજેય પણ 'બેદિલ' રહે એના વતન વગર.

૧૭-૦૩-૨૦૦૫

## મારે

બેઉ તરફા પ્રહારથી મારે;
તું વિચારી, વિચારથી મારે.

હું કણસતો રહ્યો છું જનમોથી,
એમ તું મૂઢ મારથી મારે.

કોઈ ઊંચું નથી ન નીચું પણ,
વર્ણની એક ધારથી મારે.

ના સમય પણ ઉપાયનો મળતો,
નિતનવા તું પ્રકારથી મારે.

છેક અંદરથી તો હું ઘાયલ છું,
તું છતાં પણ બહારથી મારે!

૨૫-૦૨-૨૦૦૮

# ઊભા

જરા સમજાય તો સમજો : બરાબર આપણે ઊભા?
તમે ઊભા નદીતટ પર, અમે સૂકા રણે ઊભા!

ગલીનું કૂતરું આરામથી ઘરમાં પ્રવેશે છે,
અમે તો આજ પણ ઊભા અગર તો બારણે ઊભા.

તમે તો આંસુઓ માટે રૂદાલીની મદદ માંગો,
અમારે તો પ્રસંગોપાત્ત દરિયા પાંપણે ઊભા.

ન પૂછો નામ-સરનામું અહીં ક્યાં ઓળખે કોઈ?
અમે માણસ છીએ તોપણ જુઓ આઘા પણે ઊભા.

અહીં ઊભા રહેવાની પડી આદત અમસ્તી ક્યાં?
તમારાં લગ્નમાં ઊભા, તમારા ખાંપણે ઊભા.

૧૫-૦૫-૨૦૦૮

## જીવનથી

એ જ ફરિયાદ હોય જીવનથી;
જાતિ જાતી નથી કદી મનથી.

કૈંક ચીજો હજીય એવી છે,
જે ખરીદી શક્યો ન હું ધનથી.

હરિનું ઘર આમ હોય છે કેવું!
કેમ પૂછી શકાય હરિજનથી?

કોઈ કાળે છૂટી શકાતું ના,
વર્ણના એકમાત્ર બંધનથી.

રક્ત સાથે જ વેદના વ્હેતી,
જોઈ શકતો ન તું લોચનથી.

૨૧-૦૨-૨૦૧૦

## કથા વાંચો

મુસાફર જે નથી એવા મુસાફરની કથા વાંચો;
વ્યથા મારી સમજવા વર્ણ અંદરની કથા વાંચો.

મને કોઈ સમય દેતું નથી આ વાત કરવાની,
તમે આદર દઈ મારા અનાદરની કથા વાંચો.

નરી ખારાશ બાઝી છે મને પગથી તે માથા લગ,
છે મારી જિંદગી કેવી - સમંદરની કથા વાંચો.

ન હું મરજી મુજબ જીવી શક્યો ક્યારેય જીવનને,
આ મારી વાસ્તવિકતા છે : પિંજરની કથા વાંચો.

હજીયે ક્યાંક પાયામાં દટાયેલી હશે ચીસો,
કદી તો ધ્યાનથી આ માટીનાં ઘરની કથા વાંચો.

૩૧-૦૩-૨૦૧૧

## પીડા

તને ક્યારેય સમજાશે નહીં મારી સખત પીડા;
જનમતાંવેંત મળતી હોય છે આ વર્ણગત પીડા.

અગર જો હોત એ બે-ચાર તો સ્વીકાર પણ કરતો,
અહીં તો ઉમ્રભર મળતી રહી વખતોવખત પીડા.

કદી અશ્રુ બની વ્હેતી, કદી લોહી બની વ્હેતી,
રમે મરજી મુજબ મારા જીવનમાં કૈં રમત પીડા.

સદીઓની આ પીડાનો હવે વિસ્તાર છે એવો,
હું લખવા બેસું છું તો માત્ર લખવાની સતત 'પીડા'.

મને આ શબ્દનો આધાર જો 'બેદિલ' મળ્યો ના હોત,
કઈ રીતે હું મારા પૂર્વજોની આ લખત પીડા.

૧૪-૧૦-૨૦૧૦

## માંગે છે

આજ અંધકાર માંગે છે;
‘એક નાની સવાર’ : માંગે છે.

ક્યાં સુધી આમ આંખથી વ્હેવું?
આંસુ બીજો વિચાર માંગે છે.

જો નહીં દો તો તૂટવાની એ,
ભીંત એકાદ દ્વાર માંગે છે.

મેં તો જે કૈં લીધું હતું મારું,
તોય પાછું ધરાર માંગે છે.

ઉમ્રભર મેં જમા કરી પીડા,
તું પીડાઓ ઉધાર માંગે છે.

૨૩-૦૭-૨૦૦૯

## પર્ણમાં

ડાળખીથી સાવ છૂટાં થૈ ગયેલાં પર્ણમાં;
કેટલા નીચા તમે મૂક્યા અમોને વર્ણમાં.
કૂખ કુંતીની જ કારણ દેહનું તોયે છતાં,
પાર્થમાં ગણના તમારી ને અમારી કર્ણમાં.

૧૦-૦૧-૧૯૯૮

## જોઈએ

અધિકાર મારો ક્યાં ગયો, અધિકાર જોઈએ;
માણસ છું હું, માણસ સમો વ્હેવાર જોઈએ.

રામાયણે છે રામ્ મહાભારતમાં દ્રોણ છે,
મારા જીવનને ક્યાં બીજો પડકાર જોઈએ?

છે શાસ્ત્ર તારું શસ્ત્ર તારાં તું જ છે બધે,
હું હાંસિયામાં ક્યાં સુધી? 'હું બ્હાર જોઈએ.'

હક માંગવાથી ક્યાં મળ્યો? ઈતિહાસમાં જુઓ,
હક માંગવા તો હાથમાં હથિયાર જોઈએ.

પ્રતિબિંબ સાચું દેખતા શીખી ગયા પછી,
કેવી રીતે ખુદને કહો લાચાર જોઈએ?

૦૫-૧૨-૨૦૦૮

## રાખી છે

તમારું આંગણું મ્હેકે એ કારણ વાસ રાખી છે;
તમે તરછોડી દીધી જે, અમે એ લાશ રાખી છે.

કદી ક્યારેક તો પ્હોંચી જશું એકાદ ઠેકાણે,
તમે અંતર વધારો છો, અમે તો આશ રાખી છે.

તમે વેઠી શકો એકાદ વખતે એય ક્યાં તાકાત,
અમે જે યાતનાઓ જિંદગીભર ખાસ રાખી છે.

અમે ના હોઈએ તો છે તમારું હોવું, ના હોવું,
અમારી આ હયાતીએ તમારી 'હાશ' રાખી છે.

તમારી જેમ પડદાઓ અમે રાખી નથી શકતા,
અમારી વેદનાઓને અમે બસ બિન્દાસ રાખી છે.

૨૩-૦૯-૨૦૧૦

## પાટા ઉપર

તું સતત અટવાય એ.સી.કોચમાં છો ઉમ્રભર;
હું હજી જીવ્યા કરું છું રેલના પાટા ઉપર.

એમ હું આરામથી સૂઈ શકું ના રાતભર;
આંખ મીંચાતા જુએ છે વેદના મારી નજર.

ગામમાં સારું હતું કે જે હતું સામે હતું,
માનસિકતામાં જ ચાલે રાખતું આખું નગર.

જાતનો સિમ્બોલ સાલ્લો કેટલો કઠતો રહે,
જાત મારી તું જીવે ને તો જ પડવાની ખબર.

એમ ક્યાં કારણ વિના તું કંઈ લેવા દે મને,
તું પ્રથમ આગળ વધ્યો સાથે મને લીધા વગર.

૨૪-૦૮-૨૦૦૭

## બચતો ગયો

ક્યાંય ના ઉલ્લેખ આવે, વાતથી બચતો ગયો;
એમ સમજો કે ઘણા આઘાતથી બચતો ગયો.

ઉચ્ચવર્ણી યાતનાઓ આજ દઈ દીધી પરત,
એમ હું મારી જ જાતે જાતથી બચતો ગયો.

કેટલાં વરસો પછી આજે મળ્યું અજવાળિયું,
કેટલાં વરસો પછી આ રાતથી બચતો ગયો.

જ્યારથી ઉપયોગ ફાવ્યો શબ્દની તલવારનો,
ત્યારથી કૈં કેટલીયે લાતથી બચતો ગયો.

છેક છેવાડે હતો 'બેદિલ' છતાં સાથે થઈ,
કાકલૂદીની ઘણી હાલાતથી બચતો ગયો.

૧૭-૦૭-૨૦૦૦

## ચીસમાં

ઈંટ-પથ્થર અને રેતની ભીંસમાં;
હુંય ભેગો ચણાતો ગયો ભીંતમાં.

વેદનાઓ ભળી જ્યાં ગઝલ-ગીતમાં;
કાવ્ય રૂપાંતરિત થૈ ગયું ચીસમાં.

એક તણખો છું હું જાણ એને નથી,
જે મને રોજ પૂરે છે માચીસમાં.

રાતભર એક બાળક ન ઊંઘી શકે,
એક હાલરડું મૂંગું ચીસાચીસમાં.

ચાર રસ્તા ઉપર જાત રઝળ્યા કરે,
માણસો તોય મ્હાલ્યા કરે ભીડમાં!

૧૫-૧૨-૧૯૯૮

## નળિયું હોય છે

ટાઢ-તડકાની ખબર હો એમ નળિયું હોય છે;
ઓરડો હોતો નથી એકાદ ફળિયું હોય છે.

કૈંક જન્મોની પીડાઓ આવ-જા કરતી રહે,
આંખમાં પોલાણમાંનું દર્દ બળિયું હોય છે.

કેટલીયે વાર ઊંડે છેક ઊંડે હું ગયો,
માણસોની જાતમાં ક્યાં કંઈ જ મળિયું હોય છે.

મોલ આ હરખાય છે મારા જ પરસેવાથી પણ,
ભાગ્યથી કોઠારમાં દેખું તો તળિયું હોય છે.

ઘર સુધી પ્હોંચી શકું એવીય હિંમત ના થતી,
સાંજ પડતાં હાથમાં બસ માંડ ફદિયું હોય છે.

૦૨-૦૪-૨૦૦૫

## દંગાફસાદમાં

ચારે તરફ છે ધ્રાસકા દંગાફસાદમાં;
પ્રતિબિંબ લાગે પારકા દંગાફસાદમાં.

અલ્લાહ કે શિવ શિવ હજી જે જાણતાં ન'તાં,
સળગી ગયાં એ ભૂલકાં દંગાફસાદમાં.

માણસ હશે કે જાનવર એ ના ખબર પડે,
છૂટ્ટાં મળે છે હાડકાં દંગાફસાદમાં.

જેને મુલાયમ હાથ હંમેશાં સજાવતાં,
એ ઘર તૂટે લઈ આંચકા દંગાફસાદમાં.

ઉચ્ચાર 'બેદિલ' ઓમ કે આમીન ક્યાં બચ્યો?
પડઘાય 'તેરી જાતકા' દંગાફસાદમાં.

૦૨-૧૦-૨૦૦૦

## આપે છે

હાથમાં ફૂલછાબ આપે છે;
પણ કદી ક્યાં ગુલાબ આપે છે?

કૈંક વરસોથી પ્રશ્ન ઊઠ્યો છે,
તું હજી ક્યાં જવાબ આપે છે.

ઊંઘ પ્હેલાથી ઝૂંટવી લઈને,
રોજ તું એક ખ્વાબ આપે છે?

હોય દિવસેય આંગણે દીવો,
એ રીતે આફતાબ આપે છે.

જે હતું મારું એ પરત દીધું,
તોય માને જનાબ આપે છે.

૨૧-૦૩-૨૦૦૮

## કરવા દો

જાતની ઓળખાણ કરવા દો;
આખરી ખેંચતાણ કરવા દો.

જાણું છું એ બધા કહેશે શું?
વાત મારી અજાણ કરવા દો.

આંસુ કરતાં અસર વધી જાશે,
આંખ લોહીલુહાણ કરવા દો.

મેં ઉઠાવી છે આ વખત લેખણ,
શબ્દવેધી જ બાણ કરવા દો.

ક્યાં સુધી ચૂપચાપ રે'વાનું?
હું શું છું એની જાણ કરવા દો.

૦૧-૧૦-૨૦૦૯

## ખંડેર

પાળિયાઓને સજાવી જાય છે ખંડેર;
બે'ક પીડાઓ બચાવી જાય છે ખંડેર.
બાપદાદાની નિશાની પૂછવા જાતા,
ગામલોકો બસ બતાવી જાય છે ખંડેર.

૨૫-૦૨-૧૯૯૯

## મારા શ્હેરમાં

માણસોને માણસોથી વેર મારા શ્હેરમાં;
એટલે વર્તાય છે ખંડેર મારા શ્હેરમાં.

એ જ રસ્તા, એ જ શેરી, ભોમિયા પણ એ જ છે,
તોય લાગે કેમ રોજે ફેર મારા શ્હેરમાં.

હું બની પ્રતિબિંબ કોની આંખમાં જઈને રહું?
સૌની આંખોમાં વસે છે ઝેર મારા શ્હેરમાં.

કોઈ કોઈને કહે શું ખુદમહીં સૌ આજ ગુમ,
હુંપણાનો રોગ છે ચોમેર મારા શ્હેરમાં.

કોઈને ફુરસદ નથી કે સાંભળે કોઈનું દુઃખ,
જ્યાં જુઓ ત્યાં હોય કાળો કેર મારા શ્હેરમાં.

૦૫-૧૨-૧૯૯૭

## સારથિ

છો કળાવા ના દઉં મારી વ્યથા હું બ્હારથી;
હું હવે થાકી ગયો વીત્યા સમયના ભારથી.

આગ જેવી આગ પણ બાળી શકી છે ક્યાં મને,
એટલો પાસે રહ્યો છું આજીવન અંગારથી,

એકતાનું નામ ઉચ્ચારી શકું હું શી રીતે,
તું તિલક ધારણ કરીને વાત કર તલવારથી.

છે શરમની વાત પણ સ્વીકાર તો કરવો રહ્યો,
હા, હવે બચવું પડે છે આંતરિક આ વારથી.

આમ તો અર્જુન સમું બનવું રમતની વાત છે,
જો મળે 'બેદિલ' કરણને કૃષ્ણ જેવા સારથિ.

૧૪-૧૨-૧૯૯૭

## આંખમાં

કોણ આ પાડી રહ્યું છે ચાસ મારી આંખમાં?
દુઃખ-દરદનું વન ઊગે ચોપાસ મારી આંખમાં.

એકદમ કેવી રીતે સ્હેલાઈથી ભૂલી જવાય,
આંસુઓનો હોય છે ઇતિહાસ મારી આંખમાં

પૂર્વજોની આ કતલનાં દશ્ય તાજાં એ રીતે,
કોઈ મૂકી જાય કાયમ લાશ મારી આંખમાં.

આંખ ખુલ્લી એટલે તો છે મરણની બાદ પણ,
વેદના લેતી રહી છે શ્વાસ મારી આંખમાં.

કોઈની નજરે નથી હું કોઈની સાથે નથી,
કોઈ ક્યાં જોવા મળે છે ખાસ મારી આંખમાં?

૦૨-૧૧-૨૦૦૬

## ઉધારીમાં

અમારી જિંદગીનું ચિત્ર કેવળ હાડમારીમાં;
અમારો જન્મ લારીમાં, મરણ પણ હોય લારીમાં.

મને પીવા નથી મળતું જે ઘરનું પાણી વર્ષોથી,
નજર સામે જ જોઉં વેડફાતું ફૂલ ક્યારીમાં.

તને સમજાત તો ઓછીય થોડી થાત આભડછેટ,
હવા તો એકસરખી ઝૂંપડીમાં કે અટારીમાં.

બધા મરજી મુજબ અમને અહીંથી ત્યાં ધકેલે છે,
અમે તો શ્વાસ પણ લાવ્યા છીએ જાણે ઉધારીમાં.

નથી સપનાંય જોવાનો મળ્યો અમને કદીયે હક,
અમારાં સ્વપ્ન રઝળે છે સતત કોઈ પથારીમાં.

૧૧-૦૬-૨૦૦૪

## ક્યાં સુધી

બોજ હું ઊંચકું ગામનો ક્યાં સુધી?
માનવી હું રહું નામનો ક્યાં સુધી?

અંગ પરના બધા ઘાવ બોલી ઊઠ્યા,
નહિ કરીએ હવે સામનો ક્યાં સુધી?

ખૂનની છે નદી ને તરે છે બધા,
લાવશે અંત સંગ્રામનો ક્યાં સુધી?

ગામને પાદરે ઝૂંપડાંઓ દીધાં,
હોય અન્યાય પણ આમનો ક્યાં સુધી?

વિશ્વ આખું જલાવી દો હક પામવા,
રાખવો ખોફ અંજામનો ક્યાં સુધી?

૦૫-૦૧-૧૯૯૭

## મારી

વાત સમજે ન તું ભલા મારી,
મારી કદરૂપતા કલા મારી.
હું ગમે ત્યાં જઉં રહે સાથે,
છે વફાદાર આ બલા મારી.

૩૧-૦૩-૨૦૦૦

## રાત આ લજવાઈ ગૈ છે શ્હેરમાં

વાતવાતે વાત વણસે, વાતવાતે ઘાત કણસે – વાત આ મંડાઈ ગઈ છે શ્હેરમાં;
આંસુનો પત્તો નથી પણ છાશવારે લોહીની સરવાણીઓ રેલાઈ ગઈ છે શ્હેરમાં.

નાળ છેદાતાં જ જેનું સ્નાન હો ખાબોચિયામાં એમની આ વાસ્તવિકતા હોય છે,
કેટલીયે લાગણી નાળા સુધી પ્હોંચી જતાં પળવારમાં બદલાઈ ગઈ છે શ્હેરમાં.

શ્વાસના કાયમ ખબરઅંતર મને પૂછ્યા કરે છે તું છતાંયે કેમ ઉત્તર દઉં કહે?
જિંદગી તો ગામડાની કોઈ ભોળી છોકરી માફક હવે અટવાઈ ગઈ છે શ્હેરમાં.

ફૂટપાથેથી ઊતરતાં ઊતર્યાં એવી રીતે કે છેક ઉકરડા સુધી પ્હોંચી ગયાં,
ચામડીની આ પથારી રોજ પાથરણું બને છે, રાત આ લજવાઈ ગઈ છે શ્હેરમાં.

કૈંક વરસોના રઝળપાટે રઝળતા હોઈને સહુ કોઈથી છૂટા પડ્યાં સંવેદનો,
નામ-સરનામું નથી છે કાયમી નંબર, ઉપરથી રાહ પણ નજરાઈ ગઈ છે શ્હેરમાં.

૨૧-૦૪-૨૦૧૦

# ગીત

## વૃદ્ધ મજૂરનું ગીત

બીડીના એક ઠૂંઠે તમને સંભારું શામળિયા

સાંજ પડે ને ઝાલરટાણે
તારે મંદિરિયેથી છોને નીકળવાનું થાતું
મારી સામે તું જુએ ના
તારી સામે નત મસ્તકથી મારે ના જોવાતું
આંખ જરા જો બારી લગ પહોંચે તો ખાલી
નજરે પડતા રંગબેરંગી સળિયા
બીડીના એક ઠૂંઠે તમને સંભારું શામળિયા

મારા પગ પર ઊભા રે'વું મારાથી ના બનતું
કેવો થાક લઈને જીવું
મારી ઉપર રોજે આખું આભ તૂટે છે
જન્મારાનો વાંક લઈને જીવું
જાત ગળાતા વાર હવે શી હોવાનો
અણસાર લઈને અરમાનો ઓગળિયાં
બીડીના એક ઠૂંઠે તમને સંભારું શામળિયા

૦૯-૦૪-૨૦૦૨

## વ.ચ.નું ગીત

વ.ચ.માં જ રહી ગયો વચમાં

અજબનું કુરુક્ષેત્ર જોવા મળે છે
અહીં કર્ણ અને એકલવ્ય ઝઘડે
અંદર ને અંદર જ્યાં જામે લડાઈ
ત્યારે બહારવાળા મનમાં બહુ બબડે
સાબદા થઈ જાવ અને વીંધી દો હમણાં
કોઈ નથી કુંડળ-કવચમાં
વ.ચ.માં જ રહી ગયો વચમાં

પોતાના હાથે તું પોતાને ઘાવ દે
ને પોતાના હાથે જ પંપાળે
બીજાના હાથ હવે તાપણી કરે છે
એમ તારા જ ઘરને તું બાળે
પોતાના ઘરનો તું અરીસો ફોડે છે
નાની તે અમથી કરચમાં
વ.ચ.માં જ રહી ગયો વચમાં

૩૧-૦૩-૨૦૧૦

## વાડ

વાડ અંદર પણ વાડ

આ તે કેવી દુનિયા, કેવો મોટપણાનો હાઉ
મારાથી કોઈ અભડાતું ને હુંય વળી અભડાઉં
હાથ મિલાવ્યા ઉપરછલ્લા ભરી મને ગંદવાડ
વાડ અંદર પણ વાડ

મુઠ્ઠીભર અજવાળાં માટે કરતાં શગની ખેંચ
પગદંડી પણ શરમાતી જોઈ આ પગની ખેંચ
શાણો માણસ કોઈ દિવસ ન પાડે ઘરમાં ધાડ
વાડ અંદર પણ વાડ

૧૧-૦૮-૨૦૦૯

## આધુનિક દ્રોણનું ગીત

કેવળ નહીં અંગૂઠો
ગુરુ દ્રોણને હાથ દઈ એકલવ્ય થયો છે ઠૂંઠો

પ્હેલાની કેડી ખોટી આજે બની છે રસ્તો ખોટો
વીત્યા સમયની સાથે દ્રોણનો અહમ્ થયો છે મોટો
સમય સમય પર મ્હેણાં મારી કર્યો છે મનથી બુઠ્ઠો
કેવળ નહીં અંગૂઠો

મહાભારતની વાત હવે છે મહાભારતની બહારે
કોઈ કાનુડો આવે છે ક્યાં એકલવ્યની વહારે
દ્રોણ ખુદને સાચો કહેવા કહે એકલવ્ય તું જુઠ્ઠો
કેવળ નહીં અંગૂઠો

૨૫-૦૭-૨૦૧૦

## ભણવા માટે ઉત્સુક છોકરીનું ગીત

મા, મને લઈ આપને પાટી ને પેન
એકડિયા-બેકડિયા ઘૂંટીને મા
મારે થાવું છે હાઈસ્કૂલની બેન

છાની માની મરને બુન આવળિયાં વીણ,
તારે ભણી ગણી બીજા ઘેર જાવું
એકડિયા ભઈલાને શીખવા દે મૂઈ
તારી માએ પણ ક્યાં શીખ્યું આવું
કથરોટે રોટલાઓ ટીપવાનું શીખ
અને મેલી દે ભણવાના વેન
મા, મને લઈ આપને પાટી ને પેન

માડીનું નામ મારે ઘૂંટવું ક્યાં રેતીમાં
રેતીમાં રહેતી ના છાપ
'મ'ને કાનો મા મારે પાટીમાં ઘૂંટવો છે
ભઈલા તું પાટી તો આપ
એનઘેન રમવાનું છોડીને મારે
હવે ભણવું છે મૅન અને ફૅન
મા, મને લઈ આપને પાટી ને પેન

૩૧-૧૦-૧૯૯૯

## હાથ

હાથ માગતો હાથ

ડાબો હો કે જમણો હો બે સાથે હો તો બળિયા
એકબીજાની સામે પડવું ખોટે મારગ વળિયા
કાંકરીચાળો કરે ન કોઈ જો હો બંનેનો સાથ
હાથ માગતો હાથ

હાથની સામે હાથ ઉગામી બનો ન કાયમ હાથો
એકમેકને ચૂર કરી ક્યાં લગ ભરવાની બાથો
ભાઈ ભાઈની વચ્ચે ન આ શોભે બાથમબાથ
હાથ માગતો હાથ

૧૭-૧૦-૨૦૦૮

## વડલાનું ગીત

વડલાને ખાઈ રહ્યા ટેટા

વડલાની વડવાઈઓ હરખાતી મનમાં બહુ
સમજીને પોતાને મૂળ
હિંમત કરીને કોઈ જુએ ન અંદર
કે આખર તો એક જ છે કુળ
વડવાઈ કે મૂળ હોય નાતો છે એક
બેઉ હોય નહીં વડલાથી છેટા
વડલાને ખાઈ રહ્યા ટેટા

ઉપર ને અંદરથી કારણ વિના તો
કંઈ સાચવે ન કોઈને આ વડ
મૂળ અને વડવાઈ સાથે ન હોય
તો કદરૂપું લાગે આ થડ
થડની આ વાત કોઈ સમજ્યું નહીં
અને પાડ્યા વિભાગ કંઈ પેટા
વડલાને ખાઈ રહ્યા ટેટા

૧૧-૦૩-૨૦૧૧

## માણસનું ગીત

શું તિલક શું જનોઈ?

હું પણ તારી માફક જન્મયો લઈને સાથે નાળ
તો પણ મારા અવતરવા પર શાને પડતી ગાળ
સહુની માફક હુંયે આવ્યો આ દુનિયામાં રોઈ
શું તિલક શું જનોઈ?

હું જ પાડતો બૂમ ન કોઈ સાંભળે મારો શોર
માણસ જેવો માણસ છું પણ તોય ગણાતો ઢોર
મેંય કર્યા ભેદભાવ નવા આ ભેદભાવને જોઈ
શું તિલક શું જનોઈ?

૩૧-૧૨-૨૦૦૯

## ભેદભાવનું ગીત

હું આજીવન સુદામો

તારી પાસે રાજસિંહાસન
        મારી પાસે ચટ્ટાઈ
તારી પાસે હીરા-માણેક
        ન મારાં ગજવે પાઈ
બેઉની વચ્ચે ખાઈ એટલી
        હું આવી શકું ન સામો
હું આજીવન સુદામો

જર્જરિત હું થઈ ગયો છું
        એમ જીવતર આ નિચોવ્યું
તારી સામું જોઉં છું પણ
        ક્યાં તે સામે ના જોયું
તારી પેઢી રાજા રાજા
        મારી પેઢી ગુલામો
હું આજીવન સુદામો

૧૩-૦૫-૨૦૦૭

## આભડછેટનું ગીત

આમ ક્યાં સુધી ચાલવાનો છેટો

તારા ને મારા બંનેના શ્વાસોમાં
એક જ સરીખી હવાઓ
તારા ને મારા બંનેના હોવામાં
તોય કેવી જોને દ્વિધાઓ
હુંયે છું માણસ ને તું યે છું માણસ
તો એક દી' તો થાવાનો ભેટો
આમ ક્યાં સુધી ચાલવાનો છેટો

પ્હેલાંની જેવો ન ભોટ રહ્યો હું
હવે હુંયે આ સમજુ છું ભેદ
સઘળાં ષડયંત્રો ખુલ્લાં થયાં છે
જે હતાં વરસોથી કેદ
મારી સમજણથી હું ચાલતો થયો છું
તારી પાછળ ન ચાલનારો ઘેટો
આમ ક્યાં સુધી ચાલવાનો છેટો

૧૫-૦૨-૨૦૦૯

## કેમ કરાવું રેણ

કાયમ મળતી ઠોકર

વહેંચણીઓ એમ કરી કે
          પોતે સહુથી ઉપર
પગની નીચે રાખી અમને
          હસતા રુઆબભર
સુખસાહ્યબી પોતે રાખી
          અમને બનાવ્યા નોકર
કાયમ મળતી ઠોકર

પોતાના પગ પર ઊભો છું
          તોય સાંભળું વેણ
અંદરથી તૂટું છું કાયમ
          કેમ કરાવું રેણ
ખબર પડે શું જીવન મારું
          અદલાબદલી કર
કાયમ મળતી ઠોકર

૨૩-૧૧-૨૦૦૬

## માણસાઈનું ગીત

હું તારા જેવો માણસ છું

મંચ ઉપરથી કાયમ કર
તું માનવતાની વાતો
મંચ ઉપરથી ઊતરતા બસ
યાદ રહે છે લાતો
તારી સદીઓની લાતોથી
હું ક્યાં થયો ટસ કે મસ છું
હું તારા જેવો માણસ છું

એક માણસને બીજો માણસ
કેમ કરે નહીં પ્રેમ
તનથી છૂટી મનમાં અટક્યો
આભડછેટનો વ્હેમ
તું જો હો ઝળહળતો સૂરજ
હું ભાંગ્યુંતૂટ્યું ફાનસ છું
હું તારા જેવો માણસ છું

૧૪-૦૧-૨૦૧૧

## ભૂકંપમાં તૂટેલ ઘર ન છોડતી
## વિધવા માને દિલાસો આપતી દીકરીનું ગીત

મા મન આ ઘરમાંથી કાઢ
લટકતાં ઝુમ્મરો ઘરના સૌ રૂમમાં
જો ફેલાવતાં અંધારું ગાઢ

નાનકડાં રેતીનાં ઘરને વેચીને
જેના ચૂકવ્યા તેં મોંમાંગ્યા ભાવ
એ ઘરની સંગાથે જો તૂટી રહ્યા મા
તારી આંખોનાં સપનાંઓ સાવ
મબલખતા મોલને તો વાઢ્યા'તા મા
થોડાં ખંડેરિયા સપનાંઓ વાઢ
મા મન આ ઘરમાંથી કાઢ

ચોમાસે ચાર ખૂણે જેના રહ્યા'તા
જેણે સાચવ્યો શિયાળો-ઉનાળો
તારા સમ મા મને લાગે છે ડર
ચાલ છોડીએ આ માળો હૂંફાળો
મા ભીની આંખોમાં હવે કોઈ હઠ ક્યાં
મારું શૈશવ તો હમણાં પ્રગાઢ
મા મન આ ઘરમાંથી કાઢ

૨૬-૦૯-૨૦૦૧

## ભિખારણનું ગીત

મારે માંગીને ખાવાનો રોટલો

રાત પડે એંઠ મારે માંગવા જવાની
અને દિવસે તો વીણવાના કાગળ
મારે જીવવાનું નામ રોજે ખાવાનાં દુઃખ
અને પીવાના અશ્રુ હળાહળ
અંધારી શેરીમાં દારૂડિયા પડછાયા
ખેંચ્યા કરે છે મારો ચોટલો
મારે માંગીને ખાવાનો રોટલો

લાજ-શરમ નેવે મેલીને મારા રામ
મારે ફરવાનું ફાટેલાં કપડે
જીવન તો ઝેર સમું દીધું છે તેં
હવે મોત દે તારું શું બગડે
કંચનવરણી તેં દીધી કાયા વધુમાં
અને રહેવાને દીધો ન ઓટલો
મારે માંગીને ખાવાનો રોટલો

૩૦-૦૫-૨૦૦૬

## તુલના

છે બલિદાન સરખું તમારું-અમારું,
છતાં ભેદભાવો કહો કેમ આવા?
મળે ચાલવા રાહ ફૂલોનો તમને,
અમોને મળે ફક્ત ધગધગતા લાવા.

ન જંજીર કોઈ હવે રોકવાની,
અમે તોડવાના સમાજી રિવાજો;
તમારા વિચારો દબાઈ જવાના,
ઉઠાવીશું સઘળે બુલંદી અવાજો.

કદી એશઆરામ છોડી શકો તો,
જરા આટલું તો વિચારો કપૂતો;
અમારી-તમારી જનમભૂમિ એક જ,
છતાં કેમ અમને કહો છો અછૂતો!

શરમ હોય બાકી તો આ યાદ રાખી,
ચલો ભેદભાવો હટાવી દઈએ;
રહે જાત કેવળ અહીં માનવોની,
બધાનેય માનવ બનાવી દઈએ.

૧૬-૦૨-૧૯૯૭

# ગદ્ય કવિતા

## હું-તું

‘સરનેમ પ્લીઝ’
મેં કહ્યું : ‘અ’
તો કહે : અટક
મેં કહ્યું : તું જ અટક.
ક્યાં સુધી મને અટકવાનું કહીશ.
હું તો...
  હું તો અટકી જ ગયો છું,
  હું તો પટકી જ ગયો છું,
  હું તો લટકી જ ગયો છું.
ને તું...
  તું તો છટકી જ ગયો છે,
  તું તો ભટકી જ ગયો છે,
  તું તો ચટકી જ ગયો છે.
‘અરે, સરનેમ’ એણે કહ્યું.
મેં કહ્યું : ‘બ’
તો ખંધુ હસીને કહે, આવું તે કંઈ હોતું હશે :
નેમ ‘અ’ અને સરનેમ ‘બ’.
અને હું ખડખડાટ હસ્યો :
આ બાઘાને કેમ સમજાવું,
‘વર્ણ’ની સાથે ‘વર્ણમાલા’ નડે છે.

૩૦-૦૯-૨૦૦૮

## સપનાં

મારી લાલચોળ આંખો જોઈને
લોકોની પંચાતનો હિસ્સો બનું છું હું :
હું ઊંઘી નથી શકતો.
ઊંઘવા જઉં છું તો
આંખો ફાટી જાય
એવાં બિહામણાં સપનાં આવે છે :
‘પૂર્વજોની પીડા,
બળજબરીથી રતિક્રીડા
ને સામે હરામખોર કીડા’
આંખ મીચું તો મીંચું કેમ?
આ સપનાંએ બળતરા પેદા કરી છે આંખોમાં.
તેણે ઘર કર્યું છે આંસુમાં.
અને આંસુ બની ગયાં છે તેજાબ.
મારી હાલત રોવા જેવી છે,
ને હું રડી નથી શકતો.

૩૦-૦૪-૨૦૧૦

## થોર

હું એને ઉછેરું છું
આંગળીના નખથી હું ખોતરું છું ભૂતકાળ
અને આંખ સામે આવે છે એ.

હું એને ઉછેરું છું
એ કૈં થોડો ઊગે છે બાગમાં?
એને ટાઢ નથી લાગતી
તાપ નથી લાગતો
વરસાદનાં ટીપાં પણ
એની ઉપર પડતાં જ ચૂર ચૂર થઈ જાય છે
એવો છે એ.

એ મારી અંદર ઊગ્યો હતો ફૂલ થઈને.
અંધારી રાતે ફૂટપાથ પર
ચૂર ચૂર થઈ જાઉં છું એનાં અણિયાળા રૂપથી.
અંબોડેથી સરી પડેલું ફૂલ રહ્યું અકબંધ
અને મસળાઈ ગયો અંબોડો.
હવે ફૂલ નથી અંબોડે
ફૂલ રહે અંધારી ઓરડીમાં.
દિવસોનાં અંધારાંમાંથી બહાર આવેલા એને
જ્યારે અજવાળામાં જોયો
ત્યારે મેં જ એને નામ આપ્યું 'થોર'.

આ થોર એમ જ મળ્યો છે ભાગમાં
આ થોર સાચે જ ઊગે છે બાગમાં!
હા, હું થોરને ઉછેરું છું.

એનું નામ લઉં તો જીભ ઉપર કાપા પડે છે,
એની સામે જોઉં તો નજર વીંધાઈ જાય છે,
એને સ્પર્શ કરું તો લોહીની ટશર ફૂટે છે હાથે.

થોર, થોર, થોર...
એનાં અણિયાળા રૂપથી મને ભોંકાય છે દરવખત.

દૂધની મીઠાશને એ એના હોવાથી
એવી કડવાશમાં તબદીલ કરશે
કે આંખો તો રહેશે
પણ અજવાળું નહીં રહે.
આંગળી પકડીને એને ચલાવું છું તોયે
ખૂંચે છે હાથમાં આ હાથિયો થોર.

ક્યારેક એ હસી લે છે ગળચટ્ટા ગલકાં જેમ
પણ પછી તો ગરમ ગરમ ઝાળ.
થોરને ઉછેરું ફૂલ થઈને
તોયે થોર તો થોર જ રહેવાનો.
હું શા માટે થોરને ઉછેરું છું?

આસપાસના ટ્રાફિકમાં વાગતા હૉર્નનાં હાલરડાંથી
એને આવશે ઊંઘ એમ માનીને

અંધારી રાતે ફૂટપાથ પર
ગંધાતી થૂંકદાનીમાં પાથરી દઉં છું થોર.

ત્યારથી તે આજ દિન
મારું આખુંયે અસ્તિત્વ મને અંદરથી ખૂંચે છે.

મારી આંખે મેં પાટા બાંધી દીધા છે તોયે
અરીસા સામે નજર પડતા જ મને
ભૂતકાળ વાગે છે થોર જેમ.

મારી અંધારી ઓરડી ખાલી કરતી વખતે
થોરે માર્યા હતા કૈં થોર દીવાલ પર.
હજુ અંધારી ઓરડી અંધારી જ છે.
કોઈ વાસંતી વાછટ મને ભીંજવતી નથી.
કોઈ અણિયાળા થોર મને ભોંકાતા નથી.
થોરની વચ્ચે રહીને હું પણ બની ગઈ છું થોર.

હું થોરને ઉછેરું છું મારામાં.
          હું થોરને ઉછેરું છું.
                    હું થોરને...
                              હું થોર...
                                        હું ...

૦૫-૦૭-૨૦૦૯

## મા

અકારણ કદી તું મને યાદ નથી આવી, હોં!
તું જ્યારે જ્યારે મને યાદ આવે છે
મને મારી મૂંઝવણનો કોઈ મારગ મળે છે.

વળી મારી આંખોની ખારાશ
તેં તારા પાલવમાં બાંધી છે તો આંસુ મને ક્યાંથી આવે?

હવે દોડવાની રમત પણ હું નથી રમતો
એટલે તારે ચિંતા ના કરવી.

મને ખીચડી જોઈએ છે તારી બનાવેલી
પણ હવે એ ક્યાં શક્ય છે?
છતાં કદી નખ કાપતાં મને લોહી આવે
અને હું આંગળી મોંમાં મૂકું છું
ત્યારે મને તારાં રાંધણનો મીઠો મધુરો સ્વાદ આવે છે ખરો.

હવે હું સૂટ પહેરીને ફરું છું છતાંયે
તારી પ્રથમ કમાણીમાંથી મને સીવડાવી આપેલી ચડ્ડી
કે જેને વરસો લગી મેં થીગડાં મારીને પહેરી હતી
એ આજેય મારા કબાટમાં છે.

સામેની ભીંત પરનો તારો ફોટો કેવો હસતો લાગે છે
પણ હું જ જાણું છું તને
અને તારા એક એક હાસ્ય પાછળના દુઃખને.

મને ચોપડીઓ નહીં લાવી આપી શકવાથી
તું કેટલી દુઃખી રહેતી?
અને છતાં જ્યારે હું શાળામાં પહેલો આવતો
ત્યારે તારી ભરેલી બકીઓને
આજે હું દાઢી કરતી વખતે પંપાળ્યા કરું છું.

દીવાનાં વધતાં-ઘટતાં અજવાળાં નીચે ઝૂંપડીમાં
વગર પથારીએ તારા પાલવની ઓથ નીચે
સૂવાની જે મજા આવતી'તી એ આજે પલંગ પર નથી મળતી.

આજે મારી પાસે તું નથી એવું નથી
તું રહે છે મારી નસેનસમાં રક્ત થઈને
મારી વહાલસોયી મા.

૦૮-૧૦-૧૯૯૮

## આભડછેટ

તારા મંદિરમાં તારા ચરણોને
પેલો કાળિયો લસ લસ કરતી જીભથી પખાળે છે.
અને આખું ગામ જોયા કરે છે નીચી મૂંડીએ.

પણ...
ગામ આખાના ઉતારને
ઉતારે ભેગો લઈ જતો ગામના છેવાડાનો કાળિયો
તો કાળિયા તારા પગથિયે
મૂકી નથી શકતો એના પગનો પડછાયો.

તે હેં 'કાળિયા ઠાકર'
તારી નગરીમાં 'કાળિયા ચાકર' માટે છેવાડો તો છે ને!
ના હોય તો જલ્દી વ્યવસ્થા કરજે.

જિંદગીભર મડદાં જેમ મરનાર કાળિયો
મડદું બનીને જીવે છે બે દહાડાથી.

બિચારો એકલો છે,
સાવ એકલો.
જીવતેજીવત કોઈ અડ્યું નથી
તો હવે કોણ હાથ લંબાવશે?

૦૩-૦૨-૨૦૧૧

## શવ-પ્રસવ

નાળછેદન
કરતાં પહેલાં જ તું
સંબંધછેદન કરી ગઈ
કદાચ એટલે જ કે
તું સુરક્ષિત હતી
માત્ર મારામાં.

૧૯-૦૬-૨૦૦૮

## કેદ

મને બહાર કાઢ
ખરેખર હું ગૂંગળાઈ રહ્યો છું
સદીઓની આ કેદમાંથી
મને બહાર કાઢ...
ક્યાંક એવું ન બને
હું સઘળાં બંધનો તોડીને
આપમેળે જ બહાર આવી જઉં.
એ પહેલાં
મને બહાર કાઢ
હજુ એક તક છે
મને બહાર કાઢ
નહીંતર
કાલે તું કહીશ :
મને બહાર કાઢ

૧૪-૧૦-૨૦૦૯

## અંતર

'તું' અને 'હું'
આમ તો જોડાયેલા છીએ
એક જ મૂળથી
એક જ કુળથી
એક જ થડથી
એક જ ધડથી
એક જ ડાળથી
એક જ કાળથી
તોયે
તારી ને મારી વચ્ચે રહેલું અંતર
કદીયે કાપી શકાયું નહીં...

૨૫-૦૯-૨૦૦૯

## નોંધ

પ્રવેશફોર્મમાં
મેં 'ધર્મ અને જાતિ'ની સામે 'માણસ' લખ્યું
તો મારો પ્રવેશ
આવી નોંધ સાથે
રદ કરવામાં આવ્યો :
'અહીં તો
હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ વગેરે
ધર્મ અને જાતિ જ પ્રવેશપાત્ર છે.
માણસ અમારી યાદીમાં નથી.'

૧૫-૧૦-૨૦૦૮

## જો આવું ન થાત તો...

એકલવ્ય
જો આદિવાસી ન હોત તો...
અર્જુનની વેંત મોટી કરવા
એકલવ્યની વેંત નાની થાત ખરી?
એકલવ્યની વેંત નાની ન હોત તો...
મત્સયવેધ કરીને એ દ્રૌપદીને વરત
અને પાંચાલીને પાંચ પતિ નહીં
પણ પાંચ આંગળીવાળો એક પતિ મળત.

૨૫-૦૯-૨૦૧૦



આજે જ્યારે ચારેકોર ગઝલના નામે તુકબંધી-વાણીવિલાસ અને સ્વાર્થસભર નિજાનંદ જોવાં મળી રહ્યાં છે ને સાથેસાથે સમાજમાં જે કંઈ કુરૂપ છે, જે કંઈ વિષ અને વિષમતાપૂર્ણ મનુષ્યવિરોધી ચાલી રહ્યું છે તેની સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે ને ખાસ કરીને પૂંજીપતિઓ અને ધાર્મિક ને રાજકીય સત્તાખોર આગેવાનોની જુગલબંધીમાં ગઝલસાહિત્ય જ્યારે નવરાશનું, બે ઘડી મોજમજાનું રમકડું બની ગયું છે ત્યારે અર્થસભર શબ્દની તાકાત અને કંઈક સામાજિક પલટાની ઝાંખી આપણને કવિ અશોક ચાવડાનાં મુકતકો-ગઝલોમાં દેખાય છે. કવિનો મિજાજ ગીતોમાં પણ બરકરાર રહે છે. ગીત-ગઝલની સાથે ગદ્ય કવિતામાંય આ કવિ ગુજરાતી ભાષા-સાહિત્યમાં વ્યક્ત થયેલાં સ્થાપિત મૂલ્યોને નવેસરથી ફંફોસવાનો-તપાસવાનો પ્રયત્ન કરતા હોય એવું જણાય છે.

**- મનીષી જાની**

**રન્નાદે પ્રકાશન**

ISBN 978-93-82456-08-7

9 789382 456087

₹ 80/-